# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 27મી પૂર્વીય ક્ષેત્રીય પરિષદની બેઠકની અધ્યક્ષતા કરી
2) કેન્દ્ર સરકારે પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત રાજ્યો માટે એક હજાર 66 કરોડ રૂપિયાથી વધુની સહાય મંજૂર કરી
3) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું દેશમાં સ્થાપિત સૌર ક્ષમતામાં 4 હજાર ટકાનો વધારો થયો
4) ગુજરાતમાં વડોદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટનાનો મૃત્યુઆંક 15 થયો. - જવાબદાર ચાર અધિકારીને ફરજમોકૂફ કરાયાં.
5) સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને બિહારમાં મતદાર યાદીઓના વિશેષ સઘન પુનઃનિરીક્ષણ-SIRને ચાલુ રાખવા મંજૂરી આપી
6) ભારત સામેની ત્રીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને બેટીંગ પસંદ કરી.

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# DAY JHARKHAND: EZC MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં 27મી પૂર્વીય ઝોનલ કાઉન્સિલની બેઠક આજે રાંચી ખાતે શરૂ થઈ હતી. આ બેઠકનો હેતુ દેશના પૂર્વ ભાગ માટે કેન્દ્ર દ્વારા લેવાયેલી વિકાસ પહેલ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે જેમાં ઝારખંડ, બિહાર, ઓડિશા અને પશ્ચિમ બંગાળ એમ ચાર રાજ્યોનો સમાવેશ થાય છે. ઓડિશાના મુખ્યમંત્રી મોહનચરણ માંઝી અને નાયબ મુખ્યમંત્રી પાર્વતી પરિદા , બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને રાજ્યમંત્રી વિજય ચૌધરી બેઠકમાં હાજરી આપી રહ્યા છે. અગાઉ ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. બિહાર, ઓડિશા અને પશ્ચિમ બંગાળ વચ્ચેના પડતર આંતરરાજ્ય મુદ્દાઓ પર ચર્ચા અને અગાઉની પરિષદની બેઠકોમાં લેવાયેલા નિર્ણયોની પ્રગતિની સમીક્ષા સહિત અનેક એજન્ડાઓ પર ચર્ચા થઈ રહી છે.

. . . . . . .

# VICE CHANCELLOR CONFERENCE

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને "વિદ્યાર્થી પ્રથમ "નો અભિગમ અપનાવવા કુલપતિઓને અનુરોધ કર્યો. નર્મદાના કેવડિયામાં કેન્દ્રીય વિશ્વવિદ્યાલયોના કુલપતિઓના 2 દિવસના સંમેલનનો આરંભ કરાવતા શ્રી પ્રધાને કહ્યું આપણાં વિશ્વવિદ્યાલય વિકસિત ભારતના ધ્યેયને સાકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમણે ઉમેર્યું કે દેશભરમાં વર્ષ 2014 –15 બાદ વિદ્યાર્થીઓના નામાંકનમાં 30 ટકાનો વધારો થયો છે. જેમાં દીકરીઓના નામાંકનમાં 38 ટકાનો વધારો નોંધાયો છે.

**(BYTE: DHARMENDRA PRADHAN)**

શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- 2020ના અમલને વધુ ગતિશીલ બનાવવાના ઉદ્દેશ સાથે આ સંમેલનનું આયોજન કરાયું છે.

શ્રી પ્રધાને આ પ્રસંગે ઉપસ્થિત દેશની વિવિધ કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના કુલપતિઓએ પોતાના મંતવ્ય આપ્યા. દરમિયાન બહુમુખી અને સર્વાંગી શિક્ષણ , સંશોધન, નવીનીકરણ અને ચિંતનક્ષમતા વિકાસ, શિક્ષણ અને અભ્યાસમાં ટેક્નોલોજીનું સંકલન , અને સંસ્થાગત શાસન મુદ્દાઓ પર ચર્ચા થઈ.

. . . . . .

# CENTRE-FLOOD ASSISTANCE

કેન્દ્ર સરકારે પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત રાજ્યો આસામ , મણિપુર, મેઘાલય, મિઝોરમ, કેરળ અને ઉત્તરાખંડ માટે એક હજાર 66 કરોડ રૂપિયાથી વધુની સહાય મંજૂર કરી છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આસામ માટે 375 કરોડ રૂપિયાથી વધુ , મણિપુરને 29 કરોડ રૂપિયાથી વધુ, મેઘાલયને 30 કરોડ રૂપિયાથી વધુ , મિઝોરમને 22 કરોડ રૂપિયાથી વધુ, કેરળને 153 કરોડ રૂપિયાથી વધુ અને ઉત્તરાખંડને 455 કરોડ રૂપિયાથી વધુની સહાય મંજૂર કરવામાં આવી છે.

દક્ષિણ-પશ્ચિમ ચોમાસા દરમિયાન ભારે વરસાદ , પૂર અને ભૂસ્ખલનને કારણે આ રાજ્યો પ્રભાવિત થયા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે , સરકાર પૂર, ભૂસ્ખલન, વાદળ ફાટવાથી પ્રભાવિત રાજ્યોને શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ વર્ષે , કેન્દ્ર એ 14 રાજ્યોને રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી છ હજાર 166 કરોડ રૂપિયા અને રાષ્ટ્રીય આપત્તિ નિવારણ ભંડોળમાંથી 12 રાજ્યોને એક હજાર 988 કરોડ રૂપિયાથી વધુ રકમ અગાઉથી જ જાહેર કરી દીધી છે. આ ઉપરાંત , રાજ્ય આપત્તિ નિવારણ ભંડોળમાંથી પાંચ રાજ્યોને 726 કરોડ રૂપિયાથી વધુ રકમ જાહેર કરવામાં આવી છે.

. . . . . . . . .

# GOYAL-IESW

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું દેશમાં સ્થાપિત સૌર ક્ષમતામાં 4 હજાર ટકાનો વધારો થયો છે. નવી દિલ્હીમાં 11મા ઇન્ડિયા એનર્જી સ્ટોરેજ વીક 2025 ને સંબોધતા , શ્રી ગોયલે નોંધ્યું કે દેશની નવીનીકરણીય ઉર્જા ક્ષમતા હવે 227 ગીગાવોટની થઈ છે. તેમણે કહ્યું કે ભારત સંભવતઃ પહેલો G-20 રાષ્ટ્ર છે જેણે પેરિસ કરાર હેઠળ તેના રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાન પૂર્ણ કર્યા છે. સંશોધન , વિકાસ અને નવીનતા ભંડોળમાં તાજેતરમાં એક લાખ કરોડ રૂપિયાની મંત્રીમંડળની મંજૂરી પર પ્રકાશ પાડતા , શ્રી ગોયલે કહ્યું કે તે નેક્સ્ટ-જનરેશન બેટરી ટેકનોલોજીઓને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે.

.........

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------

# CM AADESH VADODARA

ગુજરાતમાં વડોદરાના પાદરા તાલુકામાં મહીસાગર નદી પર આવેલા મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુઆંક 15 થયો છે. આજે વહેલી સવારે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- N.D.R.F. સહિતની બચાવ ટુકડી દ્વારા કરાયેલી તપાસ દરમિયાન એક મૃતદેહ મળી આવ્યો હતો. જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાએ જણાવ્યું , હજી પણ ગુમ થયેલા ચાર લોકોની શોધખોળ ચાલી રહ્યું છે.

બીજી તરફ રાજ્ય સરકારે દુર્ઘટના અંગે પ્રાથમિક તપાસ અવલોકનના આધારે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લીધા. રાજ્ય સરકાર દ્વારા માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર એન. એમ. નાયકાવાલા, નાયબ કાર્યપાલક યુ. સી. પટેલ અને આર. ટી. પટેલ તેમજ મદદનીશ ઈજનેર જે. વી. શાહને તાત્કાલિક અસરથી ફરજમોકૂફ કરાયા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . .

# REV. EVE. SC- BIHAR ECI

સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને બિહારમાં મતદાર યાદીઓના વિશેષ સઘન પુનઃનિરીક્ષણ- SIRને ચાલુ રાખવા મંજૂરી આપી છે. જોકે , અદાલતે ચૂંટણી પંચને કહ્યું કે , ન્યાયના હિતમાં, તેમણે સુધારણા પ્રક્રિયા દરમિયાન આધાર , રેશન કાર્ડ અને મતદાર ઓળખ કાર્ડ જેવા મુખ્ય ઓળખ દસ્તાવેજો સ્વીકારવાનું પણ વિચારવું જોઈએ. બિહારમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીઓનું સંશોધન બંધારણના આદેશમાં હોવાનું અવલોકન કરતી વખતે , અદાલતે SIR ના સમય પર પ્રશ્ન ઉઠાવ્યો. અદાલતે પૂછ્યું કે આ કવાયતને બિહાર વિધાનસભા ચૂંટણીઓ સાથે કેમ જોડવામાં આવી રહી છે અને ચૂંટણીને ધ્યાનમાં લીધા વિના તે આખા દેશ માટે કેમ ન કરી શકાય.

સુધારેલી મતદાર યાદીનો ડ્રાફ્ટ ઓગસ્ટમાં પ્રકાશિત થશે તે નોંધીને, સર્વોચ્ચ અદાલતે આ મામલાની વધુ સુનાવણી 28 જુલાઈના રોજ નિયમિત બેન્ચ સમક્ષ સૂચિબદ્ધ કરી. તેણે ચૂંટણી પંચને એક અઠવાડિયાની અંદર તેનું પ્રતિ-સોગંદનામું દાખલ કરવા કહ્યું અને અરજદારોને 28 જુલાઈ પહેલાં તેમનું પ્રતિ-સોગંદનામું , જો કોઈ હોય તો, દાખલ કરવા કહ્યું.

. . . . . .

# ECI-SIR

ચૂંટણી પંચ અગાઉથી જ વિશેષ સઘન પુનઃનિરીક્ષણ- SIRના પાના 16 મુજબ આધાર કાર્ડ લઈ રહ્યું છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર , આપેલા ગણતરી ફોર્મ પર મતદારોનો ફોટો ઓળખ કાર્ડ- EPIC નંબર પહેલાથી જ છાપેલ હોય છે.

SIRની માર્ગદર્શિકામાં જણાવાયું છે કે હાલના મતદારો , જેમાં કામચલાઉ સ્થળાંતર કરનારા મતદારોનો પણ સમાવેશ થાય છે , તેઓ વેબસાઇટ voters.eci.gov.in પરથી પહેલાથી ભરેલું ગણતરી ફોર્મ ડાઉનલોડ કરી શકે છે. હાલના મતદારો , જેમણે કામચલાઉ સ્થળાંતર કર્યું છે, તેઓ પણ ગણતરી ડાઉનલોડ કરી સહી કરી શકે છે અને 25 જુલાઈ પહેલા તેમના BLO ને મોકલી શકે છે , જેથી તેમના નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં સામેલ થાય.

. . . . . . . . .

# CRICKET-IND ENG

ક્રિકેટમાં, ભારત અને યજમાન ઇંગ્લેન્ડ વચ્ચે આજે લોર્ડ્સ ખાતે પાંચ મેચની એન્ડરસન-તેંડુલકર ટ્રોફી શ્રેણીની ત્રીજી ટેસ્ટ રમાઈ રહી છે. ઇંગ્લેન્ડે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ઇંગ્લેન્ડે 2 વિકેટ ગુમાવી 148 રન કર્યા છે.

બર્મિંઘમ ખાતેની બીજી ટેસ્ટમાં ભારતની  336 રનની શાનદાર જીત બાદ શ્રેણી હાલમાં 1-1થી બરાબરી પર છે.

. . . . . . . . .

# NITI AAYOG-REPORT LAUNCH

નીતિ આયોગે આજે નવી દિલ્હીમાં રાજ્ય વિજ્ઞાન અને ટેકનોલોજી પરિષદોને મજબૂત બનાવવા માટે એક રોડમેપ લોન્ચ કર્યો. વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ , નીતિ આયોગના ઉપાધ્યક્ષ સુમન બેરી અને નીતિ આયોગના સભ્ય ડૉ. વી. કે. સારસ્વતે સાથે મળીને આ રોડમેપ લોન્ચ કર્યો. આયોગના જણાવ્યા અનુસાર , આ રોડમેપ સમગ્ર ભારતમાં રાજ્ય S&T પરિષદોની ભૂમિકા અને કામગીરીને મજબૂત બનાવવા માટે એક વ્યૂહાત્મક દ્રષ્ટિકોણની રૂપરેખા રજૂ કરે છે. તે આ પરિષદોની અસરકારકતા અને પ્રતિભાવશીલતા વધારવા માટે માળખાકીય સુધારાઓ, ક્ષમતા-નિર્માણ પ્રયાસો અને વ્યૂહાત્મક ભાગીદારીના વ્યાપક મિશ્રણની માંગ કરે છે.

. . . . . . . . .